श्रीमन्तं ज्ञानवन्तं विशदमतिमतां संमतं चारुमूर्तिम्, सौभाग्यैकं प्रधानं प्रवरसुखदं सर्वशास्त्रप्रवीणम्।
शुद्धानंदप्रकाशं विबुधजननरकर्मभूमिजनिघ्नम्। बुद्ध्यब्धि सूरिवर्यं स्मरत भविजनाः सद्गुरुं दिव्यरूपम्॥

માર્ચ–૧૯૬૦

# બુદ્ધિપ્રભા

તંત્રીઓ પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી ભદ્રીકલાલ જીવાભાઇ કાપડીયા

વર્ષ ૧ લું ] પ્રેરક: મુનિશ્રી ત્રૈલોકયસાગરજી [ અંક ૫ મો

## વિષયની ઇચ્છા એ દુઃખનું મૂળ–

લેખક: પ. પૂ. આચાર્યશ્રી કીર્તિસાગરસૂરિશ્વરજી

"સંસારમાં સુખની પાછળ દુઃખ દોડતું આવે છે, દિવસ પછી રાત્રીની માફક! એટલે વૈષયેક વિકારી હોવાથી આરંભમાં સુખ જેવું ભાસે છે. પરંતુ તેમાં પરિતાપ, પાપ, સંતાપાદી સમાએલ છે. આમ સમજણવાળાંઓ તેમાં ફસાતા નથી.

પરંતુ અજ્ઞાની તેવા વૈષયેક સુખમાં લીમાં, તેલમાં અગર લીંટમાં માખીઓની માફક ફસાય છે તેમાંથી બહાર નીકળવાનો માર્ગ ન હોવાથી મરણ પામે છે તેવી રીતે વૈષય સુખમાં ફસાએલને માર્ગ સુઝતો ન હોવાથી તેમાંજ મરણ પાછળ પામે છે માટે તેમાં ફસાવું તે મરણ પામવા બરોબર છે. પરંતુ તેનાથી અળગા રહીને પ્રભુના ગુણોનું ધ્યાન જ્ઞાન કરવું તેજ શ્રેયસ્કર અને હિતકર છે કેટલાક વિષય સુખોનો અનુભવ લે છે ખરા પરંતુ તેમાં ફસાઈ પડતા નથી તેમાંથી બહાર નીકળવાનો માર્ગ રાખીને તેથીજ તેઓ સમજણવાળા છે તેથી તેમાંથી નીકળી પોતાના આત્માનું હિતશ્રેયઃ કેમ સધાય તેનો બરોબર વિચાર વિવેક કરી તેના સાધનો મેળવી સુખી થાય છે. આલોકમાં અને પરલોકમાં. આવા સાધનોને પ્રાપ્ત કરવા ફસાઈ પડેલાઓ હાથમાં આવતા નથી. કદાચિત હિતકારક સાધનો અને નિમિત્તો પ્રાપ્ત થાય તો પણ તેઓને પસંદ પડતા નથી, રૂચિકર બનતા નથી તેથી આલોકે પરલોકે સાચાં સુખને મેળવવા બેનસીબ રહે છે જ્યારે પોતાની જ ભુલથી દુઃખી જીવન ગુજારે છે ત્યારે પરના ઉપર રોષ-દોષનું આરોપણ કરવા પૂર્વક વૈર, વિરોધ, ઇર્ષ્યા, અદેખાઇ કરી અધિક દુઃખને નોતરે છે અગર પ્રભુએ અમોને વિડંબના દુઃખોમાં નાખ્યા આમ વલોપાત દેક કરતાં પોતાના દોષોથી અગર ભૂલોથી દુઃખી થએલા છીએ આમ વિચાર પણ કરતા નથી. આવા અજ્ઞાનીઓને સમ્યગ્જ્ઞાની કહે છે કે સુખ દુઃખના કર્તા તમે પોતે જ છો પર કર્તા નથી માટે વિષય સુખમાં ફસાઇ પડો નહિ.

# આવશ્યક માહિતી

૧ "બુદ્ધિપ્રભા" દર મહિનાની ૨૦ મી તારીખે પ્રગટ થાય છે.

૨ બને તેટલું ટુંકુ અને મુદ્દાસર કાગળની એક બાજુ ફૂલસ્કેપ કાગળમાં ચોખ્ખા અક્ષરે શુદ્ધ લખાણ મોકલી આપવું.

૩ દર અંકે જૈન જગતના સમાચાર આપવામાં આવશે.

૪ વાર્ષિક લવાજમ તથા લેખ, સમાચાર વિ. મોકલવા માટે અને તે અંગેનો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

**બુદ્ધિપ્રભા કાર્યાલય**
C/o. પંડિત છબીલદાસ કેસરીચંદ
દાદા સાહેબની પોળ, ખંભાત. (W. R.)

**છુટા થયા છે**

'બુદ્ધિપ્રભા' ના આરંભથી પ્રેરક તરીકે રહેલા મુનિશ્રી કસ્તુરસાગરજીએ આ સંસ્થામાંથી રાજીનામું આપેલ જે આ પત્રના સંસ્થાપક પર મોકલતા તેઓશ્રીએ મંજુર કરેલ છે તેની સૌ નોંધ લે. —વ્યવસ્થાપકો


**બુદ્ધિપ્રભાની માલીકી ને તે અંગેની અન્ય માહિતી**

**ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)**

૧ પ્રકાશન સ્થળ: ત્રણદરવાજા ખંભાત
૨ પ્રકાશનની સામયિકતા: માસિક
૩ મુદ્રકનું નામ: શાંતિલાલ મગનલાલ ગાંધી
રાષ્ટ્રીયતા: ભારતીય
સરનામું: ડાળીવાડો, ખંભાત.
૪ પ્રકાશકનું નામ: હીંમતલાલ છોટાલાલ કા.
રાષ્ટ્રીયતા: ભારતીય
સરનામું: ત્રણદરવાજા, ખંભાત.
૫ તંત્રીઓનાં નામ: પંડિત છબિલદાસ કેશરીચંદ
રાષ્ટ્રીયતા: ભારતીય
સરનામું: દાદાસાહેબની પોળ, ખંભાત
ભદ્રીકલાલ જીવાભાઈ કા.
રાષ્ટ્રીયતા: ભારતીય
સરનામું: ખારવાડો, ખંભાત.
૬ માલિકનું નામ તથા બુદ્ધિપ્રભા
સરનામું: સરંક્ષણ મંડળ
ત્રણદરવાજા, ખંભાત

હું હીંમતલાલ છોટાલાલ કાપડીયા આથી જાહેર કરું છું ઉપર દર્શાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**હીંમતલાલ છોટાલાલ કાપડીયા**
તા. ૧૬-૩-૬૦ પ્રકાશક : બુદ્ધિપ્રભા


## વિષય દર્શન


| નં. | વિષય | લેખક | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | વિષયની ઇચ્છા એ દુઃખનું મૂળ | આચાર્યશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી | ૧ |
| ૨ | સમયનો નાદ | શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી | ૩ |
| ૩ | સાહિત્ય સરિતા | શ્રી ભોગીન ભરવાડા | ૪ |
| ૪ | સાધર્મિક સેવા માટે શ્રીમંતોને પુકાર (કાવ્ય) | શ્રી ગણેશભાઈ પરમાર | ૫ |
| ૫ | નવકારનો મહિમા અને ફલ | કુમારી પ્રજ્ઞા | ૫ |
| ૬ | ઊંડા અંધારેથી | શ્રી ગુણવંત શાહ | ૬ |
| ૭ | વિદ્યુત્‌વાણી | શ્રી નટવ લાલ શાહ | ૮ |
| ૮ | પ્રભુ નૈયા લગાના પાર (કાવ્ય) | શ્રી કીર્તિકુમાર શાહ | ૯ |
| ૯ | જુની–નવી શાયરી | શ્રી ભોગીલાલ ભરવાડા (તરંગી) | ૯ |
| ૧૦ | શાસન સમાચાર | ---- | ૧૦ |

# સમયનો નાદ

: લેખક :
શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

અનેક કાર્યો અને સામાજીક, કેળવણીક, ધાર્મિક આદી સંસ્થાઓમાં ઓતપ્રોત થઇ ગયેલા શ્રી ચોકસી આજે સમય કાઢી આપણી સમક્ષ 'સમયનો નાદ' ગજવવા આવી ગયા છે ત્યારે તેઓશ્રીની ઓળખાણની હવે જરૂરત છે ખરી ? મુંબઈમાં રહી જૈન સ્વયંસેવક મંડળ, કૉન્ફરન્સ આદી સસ્થાઓ સાથે એવી રીતે સંકળાયેલા છે કે તેમાંથી તેઓને ભાગ્યેજ ફુરસદ મળે છે. આજે જ્યારે 'સમયનો નાદ' 'બુદ્ધિપ્રભા' ના વાંચકો સમક્ષ તેઓશ્રી રજુ કરે છે ત્યારે સૌ તે સાંભળીએ. —તંત્રીઓ

એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે આપણા ધર્મ પ્રણેતાઓ ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થયા હતા, અને તેમની સંસારજન્ય તેમજ આત્મકલ્યાણજન્ય કાર્યવાહી ઉચ્ચ પ્રકારની હતી, કેમકે એ સર્વના મૂળમાં **અહિંસા** રૂપી સર્વોત્કૃષ્ટતાના તાણા–વાણા અનુસ્યૂતપણે વણાયા હતા. એ કારણે તેઓના આ વિશ્વપટ પરથી પ્રયાણ થયાને વર્ષોના અંક સહસ્ત્ર કે લાખના આંકડા વટાવી ગયા હોવા છતાં, એમણે કહેલી વાતો આપણા મનોમંદિરે ગુંજાયમાન થયા કરે છે, અને આપણા તેમના પછી થયેલા પૂર્વજોએ પોતાની બુધ્ધિપ્રભાના બળે શક્તિ અનુસાર આચરણમાં ઉતારી આપણને પરંપરાના વારસારૂપે આપેલી પણ છે.

દુનિયામાં કહેવત છે કે 'બાપ કરતાં બેટા સવાયા' નિવડે તો એથી બાપની આબરૂ વધે છે, અને એ વાત યાદ કરવામાં ફળગૌરવ પણ છેજ. એટલેજ આપણામાં આજે જે નિર્માલ્યતા મતભિન્નતા અને એ કારણે જન્મેલી શિથિલતા ને નિસ્તેજતા દૃષ્ટિગોચર થાય છે એ દૂર કરવામાં ભૂતકાળના પ્રેરણાદાયી ઉદાહરણોની પુનઃ પુનઃ યાદ આપવી પડે છે. અલબત્ત એ સાચુંજ છે કે ગતકાલીન ગૌરવના બળ પર આજના વર્તમાન કાળમાં આપણી પ્રતિષ્ઠા જામવાની નથીજ. એ જમાવવા સારૂ તો આપણેજ **પુરૂષાર્થ** કરવો જોઇશે. આમ છતાં **અસ્મિતા** કે સત્વશીલતા જન્માવવા સારૂ ભૂતકાળના પ્રસંગો સાધનરૂપ છે. અને તેથી જરૂર જણાતા એ અંગે વર્તમાનકાલીન જૈનસમાજને ઇશારા કરવામાં આવે તો એ લાભદાયી પણ છે. કોઇપણ રીતે આપણી વર્તમાન પેઢીમાં જે નિષ્ક્રિયતા જણાય છે, જે જોમનો અભાવ નયનપથમાં આવે છે. અરે આપણે તો વણિક એટલે વેપારતીજ વાત સમજીએ. જીવદયા પ્રતિપાલક એટલે આપણને શસ્ત્ર કે અસ્ત્રના શિક્ષણ સાથે કંઈ લેવાદેવા નહીં. આવા વિચારો જે જડ ઘાલી બેઠા છે તે દૂર કર્યા વિના ચાલે તેમ નથી. સૌ પ્રથમ **અસ્મિતા** પેદા કરવાની ખાસ અગત્ય છે

**અહિંસા** ધર્મને વરેલ આપણે જો ઉંડાણમાં ઉતરી વિચારીશું તો સહજ જણાશે કે ચાલુકાળમાં આપણી જીવન સંબંધમાં જે પ્રકારની રહેણીકરણી છે તે અહિંસાના સાચા ઉપાસકને છાજે તેવી નથી જ. **અહિંસા**ના ઓથા તળે આપણે કેવળ નબળાઈ અને ભીરૂતાના સંગ્રાહક બન્યા છીએ. **આત્માની** સાચી શક્તિને ઓળખ્યા વગરના માત્ર દેહને પંપાળનારા માનવગણમાં આપણી ગણત્રી થાય છે અને તેથીજ એક કવિએ ગાયું છે કે 'પડું ઉગમણી બૂમ આથમણા ભાગે'

આ ક્ષતીઓને ખોટી કરાવનાર **દૃષ્ટાંતો આપણા** પૂર્વકાલીન ઇતિહાસમાં ભર્યાં પડેલા છે. **એનો** આસ્વાદ કરાવ્યા વગર ઉગતી પેઢીમાં જોમ નથી તો પ્રગટવાનાં કે નથી તો ઉપર વર્ણવેલ **અપયશ** દૂર થવાનો. એ માટે અહીં રાજસ્થાનમાં જન્મેલ અને પોતાની **અલૌકિક** પ્રતિભાના બળે, જન્મે વણિક અને ધર્મે **જૈન** હોવા છતાં દેશ ઉપર આપત્તિકાળે

જ્યારે ભયંકર આપત્તિના વાદળો ઘેરાયા અને જન-સમૂહના જીવન જોખમાયા, નારીસમૂદાયની પવિત્રતા નષ્ટ થવાની પળો ગણાવા માંડી, અને ધર્મસ્થાનકો ખંડિત થવાનો હેકારો ઉઠ્યો ત્યારે એ મંત્રીએ જ પરાક્રમ દાખવ્યું તે આજે પણ ઇતિહાસમાં નોંધાયેલ છે. **વીર દયાળશા** નામના પુસ્તકમાં એનું વિસ્તારથી આલેખન છે. અહીં તો માત્ર ઝાંખીરૂપે એ જન-વાચકામાં આજે પણ સંઘરાયેલ છે, એના આછા રેખાંકન દોરેલ છે કે જેથી એ સ્થળ નજરે જોવાની જિજ્ઞાસા ઉદ્ભવે.

**દયાળશાના કિલ્લા** તરીકે ઓળખાતું સ્થાન રાજસ્થાનમાં કાંકરોલી સ્ટેશનથી દોઢ માઇલના અંતરે આવેલ છે. એથી અર્ધો માઇલ આગળ જતાં રાજ નગર નામે ગામ આવે છે. એ નગર મહારાણા રાજસિંહે વસાવેલું અને એની નજીકમાં જયસમુદ્ર નામે સુંદર કોરણીવાળી નવ છત્રીઓ યુક્ત મોટું સરોવર તૈયાર કરાવવામાં એક કરોડ રુપીયા ખરચેલા તેમના જૈન મંત્રીશ્વર **દયાળશાહે** એ સરોવર નજીકની પહાડી પર **વિ. સં.** ૧૭૩૦માં તેટલીજ રકમ ખરચી નવચોકીવાળું, ફરતા કિલ્લા યુક્ત ચૌમુખિય દેવાલય બંધાવ્યું. ઉંચા ભાગ ઉપર આવેલ આ દેવાલય આજે પણ ઘણે દુરથી નજરે ચડે છે. **આ દયાળશાના કિલ્લા** તરીકે પ્રસિદ્ધ છે સડકથી થોડી ઉંચાઇએ યાત્રિકો માટે ધર્મશાળા છે અને એના પાછળના ભાગે થોડું ચઢાણ વટાવી પહાડી ઉપર પહોંચતા દેવાલયનો દરવાજો આવે છે હાલ આ દેવાલય ત્રણ માળનું છે. જુના તુટેલા પાષાણ ખંડોથી અનુમાની શકાય છે કે પૂર્વે આ સ્થાન ભારે વિશિષ્ટતા ધરાવતું હશે. આજે પણ અહીંની કુદરતી મનોહરતા ઉડીને આંખે વળગે છે. એમાં મુળનાયક **શ્રી આદીશ્વરજી**નાં ચૌમુખ છે ઉપરના માળે પણ ચૌમુખજી છે કાંકરોલીથી ઘાણેરાવ બસ સર્વિસ છે. જયસમુદ્ર ૨૪ માઇલના ઘેરાવામાં છે. એમાં પાણી રહેતું નહોતું પણ **દયાળશાહ**ની પતિવ્રતા ધર્મપતિ **ગોમતીદે**ના હસ્તે પાણી ભરાવ્યા પછી પાણી ટકવા માંડયું ને સરોવર છલકાતું રહેવાથી એને સમુદ્રનું ઉપનામ પ્રાપ્ત થયું ઔરંગઝેબના ધર્માંધ ઝનુનને શિકસ્ત આપવામાં આ જૈન ધર્મી મંત્રીશ્વરે ભારે કૌશલ્ય અને વીરતાના દર્શન કરાવ્યા છે. એ કારણે આજ પણ એ પ્રદેશમાં જનતાના મુખે નિમ્ન દુહો સાંભળવાનો મળે છે.

> કે તો રાણો રાજસી, કે તો શાહ દયાળ
> અણે બંધાયો દેવરો, વણે બંધાઈ પાળ.

પૂર્વજોના ઉપર વર્ણવેલ જ્વલંત દૃષ્ટાન્તને ચક્ષુ સામે રાખી આપણામાં જે શિથિલતા જડ ઘાલી બેઠી છે તે ખંખેરી નાખીએ અને **વીર**ના સંતાન તરીકેની પુનઃ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીએ યુગની એ હાકલ છે.

# "સાહિત્ય સરિતા"

૧ ગરીબી ગુન્હો નથી ગરીબી એ તો ઇશ્વરને ઓળખવાનો આશીર્વાદ છે પરંતુ વિલાસ ખાતર અને ભૌતિક લાલસા ખાતર દોલતની અછતને જનતા ગરીબી તરીકે ઓળખતી હોય તો એ ગરીબી નથી એ છે અસંતોષની જ્વાળા! અસંતોષ અને શોષણના મૂળ જ્યાં સુધી સંપુર્ણપણે નષ્ટ નહીં થાય ત્યાં સુધી ગરીબી વધુને વધુ ભયંકર જ બનતી જવાની છે.

૨ દેહના સુશોભન પાછળ માનવ ઘેલો બન્યો છે. જીવન સુખના કેન્દ્ર સમાન મનની તે હરગીઝ દરકાર જ જાણે કરતો નથી આત્મા સાથે સંતાકુકડીની રમત ખેલતો હોય તેમ ભૌતિક સુખો પાછળ જ જીવનની ચારૂતા ગુમાવી બેસે છે.

૩ સુખ કે દુઃખ એ તો માનવીના મનની એક અભૂતિ છે કેવળ કલ્પના છે. આત્મા કે કર્મનો ભાર જ દુઃખરૂપ હોય છે એ ભાર જેમ જેમ હળવો થતો જાય છે તેમ તેમ આત્માના બંધનો વિલય પામતા જાય છે અને શરીરને પડતાં દુઃખો એ તો જડ પ્રત્યેની મમતાના પરિણામ સ્વરૂપ છે.

**ભોગીન ભરવાડા 'તરંગી'**

# સાધર્મિક સેવા માટે શ્રીમંતોને પુકાર

જાગો જાગો ઓ જૈન સમાજ રે, સાધર્મિક સેવા કરવા કાજે,
ત્યાગો ત્યાગો વેર ઝેરને તત્કાળ રે, સાધર્મિક સેવા કરવા કાજે;
મળો પરસ્પર પ્રેમથી ભાઇ, દુનિયામાં સાચી છે ધર્મ સગાઇ;
સાધો સાધો એકતા ઓ મારા ભાઇ રે, સાધર્મિક સેવા કરવા કાજે;
એકલ હાથે તાળી ના પડતી, સાથ વિના ના સિદ્ધિ મળતી;
આપો આપો શ્રીમંતો સહકાર રે, સાધર્મિક સેવા કરવા કાજે,
દીલના દરવાજા ખુલ્લાં મૂકો, સેવા કરવાનું કયાંઇ ન ચુકો,
ઝુકો ઝુકો તન મન ધનથી એ ભાઈ રે, સાધર્મિક સેવા કરવા કાજે;
કંઇક રખડતાં નોકરી માટે કામ મારે ફરે વાટે ઘાટે;
દેજો દેજો સાધર્મિકને સહકાર રે, સાધર્મિક સેવા કરવા કાજે;
કીર્તિ માટે તમે લાખો ખર્ચો છો, નામના માટે ધનથી વરસો છો;
સાથે સાથે લ્યો અણમોલ આ લાભ રે, સાધર્મિક સેવા કરવા કાજે;
ભલે જમો તમે દૂધપાક પૂરી, મેવા મીઠાઇઓ ને સેવ કચોરી;
લેજો લેજો ભૂખ્યાની કંઇક સંભાળ રે, સાધર્મિક સેવા કરવા કાજે;
મહાવીર સ્વામીનો સંદેશ સુણાવો, સાધર્મિક સેવાનો ઝંડો ફરકાવો;
ગણેશ દીલનો શ્રીમંતોને પુકાર રે સાધર્મિક સેવા કરવા કાજે;

રચયિતાઃ— **ગણેશભાઇ પરમાર**

## નવકારનો મહિમા અને ફલ

નવકાર મંત્રનો પ્રભાવ ખરેખર અજબ જ છે અને તે ગમે ત્યારે ગમે તે સમયે ગણી શકાય છે, અને તે દરેકે અવસ્ય ગણવો ઘટે છે વધારે નહિ તો સવારમાં ઉઠીને ઉઠતાં સાથે તેમ મધ્યમકાળે ને રાત્રીના સમયે સુતી વખતે જરૂર નવકાર મંત્રનું સ્મરણ કરવું જોઇએ. નવકાર ગણતાં ઇચ્છીતકાર્યો સિદ્ધ થાય છે. નવકાર મંત્ર આલોક અને પરલોક એમ બન્ને લોકમાં અત્યંત ઉપકારી છે. મહાનિશીથ સૂત્રમાં કહેલું છે કેઃ–

**नासेइ चोर, सावय, विसहर जल जलण बंधण भयाइ ।**
**चिंतिजंतो रक्खस रण राय भयाई भावेण ॥**

ભાવથી નવકાર ગણતાં ચોર, સિંહ સર્પ, પાણી અગ્નિ, બંધન, રાક્ષસ, સંગ્રામ, રાજ, ભય વિગેરે ભયો જતાં રહે છે.

બીજા ગ્રંથોમાં પણ કહેલું છે કેઃ– પુત્રાદિકના જન્મ વખતે પણ નવકાર ગણવો કે જેથી તે નવકારના પ્રભાવ થકી ઋદ્ધિવંત થાય ને મરણ વખતે પણ નવકાર સંભળાવવો જેથી મરનારની સદ્‌ગતિ થાય આપદા વખતે પણ નવકાર ગણવો કે જેથી સેંકડો આપદાઓ જતી રહે ધનવંતે પણ નવકાર ગણવો કે જેથી તેની ઋદ્ધિ વિસ્તાર પામે.

નવકારનો એક અક્ષર શુદ્ધ મનથી ગણવાથી સાત સાગરોપમનું પાપ દૂર કરે છે, નવકાર મંત્રના એક પદથી પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે. વિધિપૂર્વક જીનેશ્વર ભગવંતની પૂજા કરીને જે ભવ્યજીવો એક લાખ નવકાર ગણે છે તો તે પ્રાણી વગર શંકાએ તીર્થંકર નામગોત્ર બાંધે છે. આઠ કરોડ આઠ લાખ, આઠ હજાર, આઠસોઆઠ (૮૦૮૦૮૮૦૮) નવકાર ગણે તે જીવ ખરેખર ત્રીજે ભવે મોક્ષપદને પામે છે.

લી. ફુ. પ્રભા

# ઊંડા અંધારેથી......

સંપાદક :
ગુણવંત શાહ

## ચિરંતન પ્રેમ

જીવન એ પ્રસંગોની ઘટમાળ છે. અને તેમાં એકાદ પ્રસંગ ક્યારેક એવો બની જાય છે કે માનવીને એ મહાન બનાવી દે છે.

પિતાજી ગયા......

વરસો સુધી એમની યાદ નહોતી આવી કોઈ સ્મૃતિ એમની હૈયામાં જાગી ન હતી પણ એ ગયા

અને એનું આખું અસ્તિત્વ રડી ઉઠ્યું. જે આંખોને આંસુ શું એની ખબર ન હતી એ આંખો આજ આંસુથી લદબદ હતી. જે ચહેરા પર હાસ્ય સિવાય બીજું કંઇ દેખાતું ન હતું એ ચહેરા પર આજ ઉદાસી ઘર કરીને બેઠી હતી.

એના હોઠોનું ગીત થંભી ગયું હતું

જવાન સુનમુન હતો. એની જવાની આજ ઉદાસ હતી.

સૌન્દર્યની ગોદમાં એ સૂતો હતો કોઈ મુલાયમ હાથ એના આંસુને લુછી રહ્યાં હતાં. બે નિર્મળ આંખો એના દુઃખને પી રહી હતી, હવા થંભી ગઇ હતી, પ્રકાશ થંભી ગયો હતો, વાતાવરણમાં એક ગમગીન શાંતિ પથરાઇ હતી. બસ શ્વાસનીજ ગતિ કદી કદી સંભળાતી હતી. વચમાં કંગનનો ખખડાટ થતો હતો.

પણ એને જાણે કશું સંભળાતું જ ન હતું. એ ક્યાંક ખોવાઇ ગયો હતો, એની આંખો ક્યાંક કશુંક શોધતી હતી એ ખૂબ ઊંડો ઉતરી ગયો હતો એની બુદ્ધિ કશાક સરવાળા માંડી રહી હતી.

વીતેલા વરસોની એણે ગણત્રી કરવા માંડી. ગુજરી ગયેલા દિવસોની એને યાદ આવી ગઈ.

પણ ઓહ! ક્યાંય મેળ નહોતો મળતો સ્મૃતિ ઝાંખી પડી હતી. યાદ ધૂંધળી બની હતી. કશું જ સ્પષ્ટ નહોતું થતું

છતાંય એક આછી યાદ સળવળતી હતી!!

રથ દોડી રહ્યો હતો. એ પણ ક્યાંક દોડી રહ્યો હતો. અને અચાનક દોટ થંભી ગઇ! એની આંખોએ એક મૂર્તિ જોઇ લીધી. અને બસ. એ મૂર્તિ એની પૂજા બની ગઇ બે ઘડીનું જ એ દર્શન અને જીંદગી આખીની સાધના બની ગઈ!!

મને જીદ કરી એ મૂર્તિની. દિલે એની રટ પકડી યૌવનની એ જિદ!! કશાની એણે પરવા ન કરી માતાની મમતા એને આડે ન આવી. પિતાનો પ્યાર એને વારી ન શક્યો. બેનોનો સ્નેહ એને અટકાવી ન શક્યો, એના સંસ્કાર પણ એને રોકવા અસમર્થ બન્યા.

અને જવાનીની જિદ જીતી ગઇ!...

એક અજવાળી રાતે એ એના દેવીના મંદિરે આવીને બેસી ગયો...

પણ એને શી ખબર કે દેવીને પોતાની જિંદગી સમર્પણ કરતાં એ ખુદ એનો દેવ બની જશે.

સૌન્દર્યની દેવીએ એનું સ્વાગત કર્યું. એની આંખોએ અનુરાગના પ્રકાશ ઢોળ્યા. એના હોઠોએ પ્રીતના શરસંધાન સાંધ્યાં એના મંજુલ સ્વરે પ્રણયના ગીત ગાયા.

અને ચાર આંખોનું મિલન! યૌવન સળવળી ઉઠયાં અંતર ધમકી રહ્યાં. ઉર્મિઓ નાચી ઉઠી. લાગણીઓ ઘેલી બની.

પહેલું જ મિલન! અને એ ધંધો ભૂલી ગઈ. જાત ખોઇ બેઠી. અને એણે એના ચરણોમાં પોતાની જિંદગી સમર્પી દીધી. એનું આખું અસ્તિત્વ એના કદમમાં ઝુકી પડયું.

એ એની બની ગઈ.

જીવનમાં કેટલીક પળો એટલી મધુર વીતી જાય છે કે કાળના અનંત થર બાઝયા હોય છતાંય પ્રસંગ આવતાં એ એજ પળે બનતી હોય એમ એ તાદૃશ્ય બની રહે છે.

એના યૌવનનું એ પહેલુંજ સંવનન! વરસોની ધૂળ ચઢી હતી એના પર પણ આજ બધું જ એક પછી એક એને યાદ આવતું હતું સ્પષ્ટ અને સુરેખ.

"પણ ઓહ!" એના મને એક આંચકો ખાધો. "બીજા કેમ સંસ્મરણ જાગતાં નથી? એકના એકજ પ્રસંગ કેમ આવે જાય છે?" એ ધૂંધવાઈ રહ્યા. મહેનત કરતાં પણ બીજી એકેય યાદ એને આવતી ન હતી બસ પછી તો એકજ મિત્ર એને નવા નવા રંગમાં દેખાતું હતું રંગ નવા હતા પણ રેખાઓ એકજ હતી.

એકજ રેખા! સુરા—સંગીત અને સુંદરી!!

રોજ નવા જ રંગ ઉત્સાહ, ઉમંગ અને ઉન્માદ!!!

પણ આજ એની એ રેખા કંઈક ઝાંખી બની હતી. એના એ નિત નવા રંગ આજ ફીક્કા ઉતર્યા હતા વરસો સુધી એને આ જીવનની ઘરેડનો થાક નહોતો લાગ્યો, એનો એને રસ નહોતો ઉતર્યો.

પણ આજ?

એનું જીવન એને જીવવા જ ના પાડતું હતું એના સંસ્કાર એની જિંદગી પર લાખ લાખ ધિક્કાર વરસાવતા હતા. એનો આતમ આજ એની જિંદગીનો હિસાબ માગતો હતો.

પિતાજીનું મૃત્યુ એના સામે ડોળા કાઢીને ઘુરકી રહ્યું હતું. મરતો બાપ જાણે એની પાસેથી જવાબ માગતો હતો.

---

## ક્ષમાપના

કેટલાક અનિવાર્ય સંજોગોને લીધે અમે આજે માત્ર દશ પાનાનો અંક આપની સમક્ષ રજુ કરી શકીયે છીએ તો ક્ષમા કરશો. હવે પછી ૨૦ પાનાનો અંક નિયમિત પ્રગટ થશે.

—વ્યવસ્થાપકો

## માનદ્ પ્રચારકોને

બુદ્ધિપ્રભા'નો ફેલાવો દિનપ્રતિદિન વધતોજ જાય છે અને આ માટે ગામેગામ માનદ્ પ્રચારકો છેજ, પણ તે માનદ્ પ્રચારકોને વિનંતિસહ જણાવવાનું કે કેટલાક અંકો સરનામા ખોટા હોવાને કારણે પાછા ફરે છે તો આપ સૌ આ અંગે તપાસ કરી નાહકનો ખોટો પોસ્ટેજ ખર્ચ ન થાય તેમજ ગ્રાહક અંક વિનાનો ન રહે તે વિષે ધ્યાન આપવા સૌને વિનંતી છે. દરેક માનદ્ પ્રચારકોને ખાસ વિનંતિ કે ગયા અંકથી નામાવલી છપાતી શરુ થઈ હોઈ જેઓએ હજુ સુધી ગ્રાહકોના નામ મોકલ્યા ન હોય તે વહેલી તકે મોકલી આપે.

—વ્યવસ્થાપક

## આભાર!

'બુદ્ધિપ્રભા' માં આ અંકથી રજીસ્ટર નંબર આવી જતા પોસ્ટેજ ખર્ચનો ભાર ઘણો ઓછો થાય છે, આ કાર્યમાં સહકાર આપનાર સૌનો અને વિશેષ કરીને વકીલ શ્રી કાંતિલાલ એસ. કાપડીયાનો આ તકે અમો આભાર માનીયે છીએ.

—તંત્રીઓ

## ગ્રાહકોને

દર ૨૧ માં તારીખે અંક રવાના નિયમિત થાય છે પણ ઘણાં ગ્રાહકો થયા હોવા છતાં અંક નથી મળતાની ફરિયાદ આવે છે, તો જે કોઈ ગ્રાહકને અંક હજી સુધી મળ્યો ન હોય તો તેઓ કોના થકી ગ્રાહક થયા છે તે જણાવવાથી યોગ્ય થશે.

—વ્યવસ્થાપક

# વિદ્યુત્ વાણી–

( સમાચાર સંકલિત શબ્દ શણગારની સામગ્રી )

વહાવનાર— **શ્રી નટવરલાલ એસ. શાહ**

વસંતનાં વધામણા માનવ જીવનને નવીન તાઝગી અર્પે છે અને નૃત્ય, ગીત અને લયના જોરે તનના તરવરાટથી તંદુરસ્તીની જાળવણી કરી શકાય છે. અગાઉના સમયમાં તહેવારોનું મહત્વ માનવ જીવનની સાથે સરસ રીતે સંકળાયેલું હતું જેવી રીતે બુદ્ધિપ્રભા સાથે વિદ્યુત વાણીનો સુમેળ સધાય છે

કાળ બદલાય છે અને રીતરીવાજો બદલાય છે માનવીનની વિચારધારા પલટાય છે, એની કાર્યવાહિમાં ફેરફાર થાય છે. લોકશાહીમાં વિચાર સ્વાતંત્ર્ય મળ્યું છે અને એનો ઉપયોગ સુમેળ સાધવાને બદલે ગજગ્રાહ વધારવામાં કેટલીક વાર થાય છે. ...માં યશ વધારવા કાજે ઉપધાન મહોત્સવ પ્રસંગે નાણાંની રેલંછેલ રેલાવી ધર્મધ્વજાને ઉંચે ફરકાવવાનો આનંદ મનાતો હોય ત્યારે કે મુંબઈના ... ...માં બીરાજતા સાધુ મહારાજ ...... પધારવાની જાહેરાત થાય ત્યારે વિરોધ દર્શાવનારી પત્રિકાઓ પ્રગટ થાય છે રદીયાઓ અપાય છે અને શબ્દોની સાઠમારી સર્જાય છે જે જોવા તમામ જૈનેતરો ઉત્સુક રહે છે.

શ્રી ખંભાત જૈન વીસા શ્રીમાળી પ્રગતિ મંડળ મુંબઇના માનદ્ મંત્રીઓ થોડું ઘણું રચનાત્મક કાર્ય કરવા ઉત્સુક છે અને તે લક્ષબિંદુને ધ્યાનમાં રાખી માંદાની માવજત ઇત્યાદી રાહત માટે પરિપત્રો પ્રગટ કરવામાં આવેલ છે જેને લેખીત નહિ પરંતુ મૌખિક સહકાર મળ્યાનું જાણવા મળે છે. એ દિશામાં થોડી કાર્યવાહી થઈ શકી છે એ પણ સંતોષનો વિષય છે.

શ્રી ખંભાત વીસા શ્રીમાળી જૈન યુવક મંડળ પણ રચનાત્મક કાર્ય કરવા ધીમે ધીમે પણ મક્કમ ગતિએ ડગલાં ભરી રહ્યું છે અને બે સંસ્થાઓના સંયુક્ત બળથી પરિમિત પરંતુ પ્રગતિપ્રેરક કાર્યવાહી થવાની શક્યતા છે.

પ્રગતિનો પંથ લાંબો છે, એકલે હાથે તાળી પડી શકતી નથી અને એક સંસ્થાથી બધી કાર્યવાહી કરી શકાતી નથી તેજ પ્રમાણે એક ગામની સંસ્થાથી સારા દેશની પ્રગતિનો દોર સાંધી શકાતો નથી. કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય તે યુક્તિ ધ્યાનમાં રાખીને હરેક સંસ્થાએ અને હોંસીલા કાર્યકરોએ પ્રગતિના ક્ષેત્રે પોતાનો સહકાર અર્પવાનો છે. ધીમે ધીમે ક્ષેત્રને લંબાવીને આગેકૂચ આરંભવાની છે.

ધીમે ધીમે ક્ષેત્રને લંબાવીને આગેકૂચ કરવામાં શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો ફાળો અવર્ણનીય છે. ઉત્સાહી કાર્યકરો, હોંસીલા વડીલો, સેવાભાવી યુવાનો અને વેગવાન વોલંટીયરોના સંયુક્ત બળથી એ સંસ્થાએ જૈન સમાજ અને રાષ્ટ્રની કાર્યવાહીમાં પોતાનું સ્થાન પ્રસંસનીય રીતે જમાવ્યું છે.

પોતાની પ્રશંસાને માટે આજે માનવી ઉત્સુક બનીને કેટલીક કાર્યવાહી એવી રીતે કરે છે જે ટીકાને પાત્ર થયા વિના રહે નહિ. સમારંભોના હેવાલો, મંડપના ખર્ચાઓ, જાહેરાતની લાલસા. યશકીર્તિની તમન્નામાં જૈન સમાજનું અઢળક ધન વપરાય છે. ધર્મની પ્રભાવનાને નામે કેટલીક કાર્યવાહી ચાલ્યા કરે છે. એમાં કેટલાક સાધુ અને સંત પુરુષો, કંચન અને કામીનીના ત્યાગી શીષ્યો કે આડકતરો ભાગ ભજવે છે. આવા ટાણે સમાજના મધ્યમ વર્ગની પરિસ્થિતી વિસરાતી જાય છે. એના ઉત્થાનની વાતો વેગળી રહી જાય છે, અને કાર્યવાહીનું બ્યુગલ ગાજતું રહે છે જેના સુરમાં મધ્યમ વર્ગના માનવીનો આર્તનાદ વિલીન થાય છે.

જમાનો બદલાયો તેમ અનેક અવાજોમા આદમી અટવાઈ ગયો છે પેટનો પોકાર, તીર્થરક્ષા, ધર્મક્રિયા, સમાજમાં સ્થાન, આવક-જાવકના અંકોડા

ધંધાની હાલાકી. વ્યક્તિગત વિટંબણાની ચીંતામાં માનવી ચકચૂર થઈ ગયો છે. એની સાંભળવાની શક્તિ ક્ષીણ બનતી ગઈ છે. અને વસંતના વધામણાં એને પાનખરની પીડા ઉપજાવનારા લાગે છે લગ્નાદી પ્રસંગનો આનંદ એને આફતદાયક ભાસે છે. લગ્નનું આમંત્રણ એને કરની બજવણી જેવું દેખાય છે.

જમાનાની આ અસર છે કે માનવીની પલટાયેલી પરિસ્થિતી છે! આવક ઘટતી ગઈ અને ખર્ચ વધતો ગયો તેની હાલાકી આ છે? વ્યવહારિક અને આર્થીક વિટંબણાનો આ બોઝુ માર છે? ધર્મની જ્યોતને ઝગમગતી રાખવાનો મહિમા વધારનારી પ્રવૃત્તિના મધ્યમ માનવીનું જડ ક્રિયારૂપ કાર્ય કારણભૂત છે? અહિંસા અને સત્યના જોરે આગળ વધવાનો દાવો કરનાર આપણે કયાં જઈ રહ્યા છીએ? પાપ-પુન્યના સરવાળા બાદબાકી કરનારા અંકગણિતમાં અજોડ વ્યાપારી વણિક કોમનું સ્થાન કયાં છે?

ઉપર વર્ણવ્યા તેવા પ્રશ્નો અને બીજા અનેક સવાલો આજે માનવીને મુંઝવી રહ્યા છે. સાચો ઉકેલ મળતો નથી અને મળે તેવા ચિન્હો દેખાતા નથી. કારણ સમાજના સૂત્રધારો અને શ્રેષ્ઠ સંસ્થાઓ બંધારણો ઉલેખવા આતુર છે અને દિવસ રાતની ચર્ચાઓ બાદ ઠરાવોના બીબા ઢાળવાનું વિચારે છે. એને મનગમતો આકાર આપીને આગળ વધ્યાનો આનંદ અવસર મનાવે છે પણ ભાંગ્યાના ભેરૂ બનવાનો અને દુઃખીજનોના દુઃખ ફેડવાનો પ્રયત્ન મણ ઉલેચીને પાશેર પચાવવાની મર્યાદાથી આગળ ધપતો નથી.

આગળ ધપાય કે નહિ પરંતુ આશા અમર છે અને એ ન્યાયે આગળ વધીને જીવનને ઉચ્ચ બનાવવા કાજે પ્રયત્નશીલ રહેવાનું છે અને એમાંજ સર્વની શોભા છે.

★

# પ્રભુ! નૈયા લગાના પાર....

(રાગઃ આધા હય ચંદ્રમા...નવરંગ)

નૈયા લગાના પાર પ્રભુજી
ડુબ ન જાયે આજ મોરી નાવ પ્રભુજી
—જીવન નાવ પ્રભુજી
—પારસ નાથ પ્રભુજી

પ્રભુ! ભીષણ ઝંઝાવાતમેં આજ કોઈ નહિ મેરે સાથમેં
પ્રભુ! ઘનઘોર યે બારીશમેં કોઇ દીખે નહિ મેરે સામને
ઠંડા ઠંડા પવન,
કાલા કાલા ગગન,
આજ માનું તુમ્હારી એક આનૂ પ્રભુજી
...નૈયા લગાના... ૧

પ્રભુ! સંસારકે સુખ છોડકર, આજ આયા શરણમેં હાથ જોડકર,
પ્રભુ! મમતાસે ભી મુખ મોડકર, આજ લાયા અંતરમેં ભેખ ભરકર,
સુકા સુકા સંસાર,
જુઠા જુઠા યે પ્યાર,
આજ માગે કીર્તિ જીવનદાન પ્રભુજી
...નૈયા લગાના... ૨

રચયિતા: **શ્રીકીર્તિકુમાર અમરચંદ શાહ**

---

### ★ જુની શાયરી ★

એક બાજુ શાદી, બીજી બાજુ બરબાદી;
જરા તપાસી તો જુઓ, કયાં છે એમાં આબાદી;
રિવાજ, રૂઢિ ને વહેવારમાં, વાણિયાની થઈ પાયમાલી
કુળ ખાનદાની ને આબરૂમાં '**તરંગી**' નિહાળે બેહાલી

### ★ નવી શાયરી ★

કલમની અણીએ જગત જીતાય,
શરબતની પ્યાલીએ લગ્ન ઉજવાય,
આર્થિક બીમારીના આ યુગમાં,
ઉભય પક્ષના પૈસા બચાવાય,
'**તરંગી**'ના ભલે આ તરંગો ગણાય.
પણ આજ યુકિતથી ઉન્નતિ સધાય,
'જૈન અલબેલ' નૂતન આદેશ આપે,
લગ્ન તો આ તે જ કહેવાય.

રચિયતા: **ભોગીન ભરવાડ 'તરંગી'**

BUDDHIPRABHA REGD NO B. 9045
Regd. as a newspaper by the Registrar of Newspaper–New Delhi.

# વીચાર ચિંતન મનન ધ્યાન

લેખક:— **રમણલાલ ભોગીલાલ પરીખ**

આપણે હંમેશા નવકાર ગણીએ છીએ તેમાં નવકાર અરિહંત, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ વગેરે પદોનો જાપ કરીએ છીએ.

જાપ વખતે ધ્યાન રહે તોજ જાપનું ફળ મળે અને ધ્યાન જ્ઞાન વગર રહેતું નથી. જેનું ધ્યાન ધરવું છે, જેનો જાપ કરવો છે તેનું જ્ઞાન જરૂરી છે. ધ્યાન એ ચોથી ભૂમિકા છે. કોઈપણ કાર્ય ધ્યાન વગર સિદ્ધ થતું નથી. અને વિચારોજ કાર્યનું કારણ છે. તે પહેલાં તે કાર્ય બીજી બે ભૂમિકામાંથી પસાર થાય છે.

### ચિંતન અને મનન

સવારમાં ઉઠતાંજ ભણનાર વિદ્યાર્થીને પોતાનું ઘર લેશન યાદ આવે છે. વિચાર કરે છે કે મારે લેશન કરવું છે. પછી તે કેવી રીતે કરવું, ક્યારે કરવું તેનું ચિંતન કરે છે પછી તે લેશન કરવા બેસે છે. હજુ લેશન કર્યું નથી માત્ર લેશનનું મનન કરે છે. અને છેવટે ધ્યાનપૂર્વક લેશન કરે છે અને તે બરાબર પાકું થઇ જાય છે.

આવીજ વાત છે આપણી નોકારવાળી ગણવાની.

આપણે તો કોઈપણ જાતના વિચાર વગર જ ચિંતન, મનન. ધ્યાન વગરજ કોઈપણ જાતની તૈયારી વગર નવકારવાળી ગણવા બેસી જઇએ છીએ અને પછી ફરીયાદ કરીએ છીએ કે નવકારવાળીમાં ચિત્ત નથી રહેતું, મન ગમે ત્યાં ફરે છે. ફરેજ ને ? કેમ ન ભટકે ? નવકારવાળી જે પદની આપણે ગણીએ છીએ એ પદ વિષે વિચાર કર્યો છે ? તેનું ચિંતન કર્યું ? તેનું મનન કર્યું ? તેનું ધ્યાન ધર્યું ? નવકારની નવકારવાળી કેટલીય ગણી પણ કંઇ ફળજ દેખાતું નથી.

જેમ વિચાર, ચિંતન મનન, ધ્યાન વગર હિસાબ ગણિતનો હિસાબ ગણનાર તે સાચો નથીજ ગણી શકતો તેમ આપણે પણ નવકારવાળીના પદ વિષેનું શક્ય હોય તેટલું જ્ઞાન ન મેળવીએ ત્યાં સુધી આપણે પણ સાચી નવકારવાળી નથીજ ગણી શકવાના નથી. તેમાં ચિત્ત ચોંટવાનું કે નથી આપણું કાર્ય સધાવાનું. ( ક્રમશ: )

### ઈનામી સમારંભ વરકાણા (રાજસ્થાન)

શ્રી વરકાણા પાર્શ્વનાથજીની છત્રછાયામાં ચાલતા વિદ્યાલયના વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા શ્રી મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે તા. ૨૮ ફેબ્રુઆરીથી તા. ૪ માર્ચ સુધી લીધી. લગભગ પોણાત્રણસો વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠેલા. પરિણામ સુંદર આવેલ છે. તેનો ઈનામી મેળાવડો અત્રેની હાઈસ્કૂલના શ્રીમાન્ પ્રિન્સિપાલ સાહેબના પ્રમુખસ્થાને હાઈસ્કૂલના લેકચર હોલમાં રાખવામાં આવેલ. આ પ્રસંગે હાઈસ્કૂલના શિક્ષકવૃંદ એવં ત્રણસો વિદ્યાર્થીઓની હાજરી હતી.

શરૂઆતમાં વિદ્યાલયના ગૃહપતિજી શ્રીમાન્ ભણસાલીજીએ વિદ્યાલય અને હાઈસ્કૂલની વ્યવસ્થાનો પરિચય રજુ કરવા સાથે વિદ્યાર્થીઓને ધાર્મિક સંસ્કારોથી વાસીત બનવા માટે સુંદર ઉપદેશ કર્યો હતો. બાદ પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે ધાર્મિક શિક્ષણની ઉપયોગીતા સમજાવી હતી અને શિક્ષણ અંગે કેટલીક સૂચનાઓ કરી હતી અને અભ્યાસ તથા વિદ્યાલય અને હાઈસ્કૂલની વ્યવસ્થા માટે સંતોષ જાહેર કર્યો હતો. પછીથી ધાર્મિક શિક્ષક શ્રી વિરચંદભાઈએ ધાર્મિક શિક્ષણની મહત્વતા સમજાવી હતી. ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી શ્રીમાન્ પ્રિન્સિપાલ સાહેબે જૈન ધર્મનું ગૌરવ સમજાવી ધાર્મિક શિક્ષણમાં સારો રસ લેવા માટે વિદ્યાર્થીઓને ભલામણ કરી હતી. છેવટે સંસ્થા તરફથી લગભગ ૧૦૧) રૂપિયાની જુદીજુદી વસ્તુઓનાં ઈનામો વહેંચવામાં આવ્યાં હતાં.

ફાગણ સુદ ૯ના શા. પૂનમચંદજી વજેચંદ જગરૂપજી મંડારીઆ (ગીરોડી)વાળા તરફથી શ્રી કેશરીઆજીનો કાઢેલ સંઘ અત્રે આવેલ સંઘમાં ૨૪ મોટર અને બારસો માણસ હતું. સંસ્થા તરફથી તેમનું સ્વાગત કરવામાં આવેલ. અહીંની વ્યવસ્થા તથા બાળકોના નાટ્ય-ગાન-સંગીત વગેરેની સંઘે સારી પ્રશંસા કરેલ. સંઘવીજી તરફથી શ્રી દહેરાસરજી રૂ. ૫૦૧) તથા વિદ્યાલયમાં રૂ. ૭૦૧) ભેટ કરેલ આ કાર્ય પ્રશંસનીય છે.

આ પત્ર શાંતિલાલ મગનલાલ ગાંધીએ અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી શાહ હિંમતલાલ છોટાલાલે ત્રણદરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.